પૂજ્યપાદ યોગનિષ્ઠ આચાર્યપ્રવર

# શ્રી વિજયકેશરસૂરીશ્વરજી મહારાજ

તથા તેઓશ્રીના સમુદાયવર્તી આચાર્યદેવો

પૂ. આ. શ્રી વિજયલાભસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયન્યાયસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયપ્રભવચંદ્રસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયસ્વયંપ્રભસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મહારાજ
પૂ. આ. શ્રી વિજયયશોરત્નસૂરીશ્વરજી મહારાજ

卐

જેમનાં નયનોમાંથી હંમેશાં નિતાન્ત કરુણાની પીયૂષધારા વહેતી હતી, જેમના મનમંદિરમાં સતત ૐકારનું રટણ અને વ્યાખ્યાન-વાર્તાલાપમાં તત્ત્વજ્ઞાનનું સિંચન થયાં કરતું, એવા બાલબ્રહ્મચારી, જૈન સંસ્કૃતિના શણગાર, અનેક શાસ્ત્રગ્રંથોના રચયિતા, યોગનિષ્ઠ

## પૂ. આચાર્યશ્રી વિજયકેશરસૂરીશ્વરજી મહારાજ

જૈનશાસનના શ્રમણોદ્યાનમાં અનેક પરમ સૌરભભર્યાં ફૂલડાં ખીલ્યાં છે. એ ફૂલોના મઘમઘાટ વડે સમસ્ત ભારતવર્ષ સુરભિત બન્યું છે. એવાં અનેક ફૂલડાંઓમાં અનેરી ફોરમ પ્રસરાવતું એક પુષ્પ તે શ્રીમદ્ વિજયકેશરસૂરીશ્વરજી મહારાજ. ૐકાર જાપના પૂર્ણ રસિયા, યોગવિદ્યાના મહાન સાધક, વર્તમાન પેઢીને પથદર્શક બની રહે તેવા સાહિત્યના સર્જક અને અક્ષરદેહે અક્ષર, અજર, અમર સૂરિજી શાસનના એક પ્રભાવક આચાર્ય હતા. પૂજ્યશ્રીનું સંસારી નામ કેશવજી હતું. સં. ૧૯૩૩ના પોષ સુદ પૂનમને દિવસે પાલીતાણા-તીર્થાધિરાજની

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પાવન છત્રછાયામાં તેમનો જન્મ થયો હતો. કેશવજીનું વતન બોટાદ પાસેનું પાળિયાદ ગામ, અને મોસાળ પાલીતાણા હતું. પિતાનું નામ માધવજી નાગજી અને માતાનું નામ પાનબાઈ હતું. જ્ઞાતિએ વીસા શ્રીમાળી અને વ્યવસાયે વેપારી હતા. પાલીતાણામાં જન્મેલા કેશવજીએ ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ પાલીતાણામાં જ કર્યો. સં. ૧૯૪૦માં કુટુંબ વઢવાણ કેમ્પ રહેવા આવ્યું. ત્યાં કેશવજીએ આગળ વધી છ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. પરંતુ આ દરમિયાન એક અતિ આઘાતજનક બનાવ બન્યો. ત્રણ દિવસના અંતરે માતા અને પિતાનાં અવસાન થયાં. આ કારમા આઘાતથી કેશવભાઈનું મન સંસાર પરથી ઊઠી ગયું. એવામાં વડોદરા મુકામે પૂ. આ. શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજનો સમાગમ થયો અને ભાઈ કેશવજીની વૈરાગ્યભાવના દૃઢ બની. સં. ૧૯૫૦ના માગશર સુદ ૧૦ના દિવસે તેમણે પૂ. આચાર્યશ્રીના વરદ હસ્તે દીક્ષા ગ્રહણ કરી. ગુરુજીએ તેમનું નામ શ્રી કેશરવિજયજી રાખ્યું.

દીક્ષા ગ્રહણ કરીને મુનિશ્રી કેશરવિજયજી મહારાજ ગુરુચરણે બેસી ગયા. વિદ્યાભ્યાસ અને જપ-તપમાં નિમગ્ન બની ગયા. વડોદરા અને સુરતની સ્થિરતા દરમિયાન અનેક શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો. પછી તેઓશ્રીનું મન યોગ તરફ વળ્યું. તે રુચિ જીવનભર ટકી રહી. જીવનના છેલ્લા શ્વાસ સુધી યોગ, ધ્યાન અને અષ્ટાંગયોગના સાધક બની રહ્યા. યોગપ્રાપ્તિ માટે તેઓશ્રીએ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી. પૂજ્યશ્રીના સાધક જીવનમાં ૐકારનો જાપ સતત ચાલતો. ૐકાર જાપ માટે પૂજ્યશ્રી સૌને આગ્રહ પણ કરતા. ધર્મશાસ્ત્રો અને યોગવિદ્યાના વિશાળ અને ગહન જ્ઞાનના પરિપાક રૂપે પૂજ્યશ્રી પાસેથી ઉત્તમ ગ્રંથો પ્રાપ્ત થયા છે; જેમાં યોગશાસ્ત્ર, જ્ઞાનદીપિકા, સમ્યક્દર્શન, ગૃહસ્થધર્મ, નીતિમય જીવન, આત્માનો વિકાસક્રમ, મહામોહનો પરાજય, મલયસુંદરીચરિત્ર, પ્રભુ મહાવીર તત્ત્વપ્રકાશ, આત્મવિશુદ્ધિ વગેરે મુખ્ય છે. પૂજ્યશ્રીને સં. ૧૯૬૩માં સુરત મુકામે ગણિપદવી અપાઈ. સં. ૧૯૭૪માં મુંબઈમાં પંન્યાસપદવીથી વિભૂષિત કરવામાં આવ્યા. પરંતુ ત્યાર બાદ પૂ. ગુરુદેવ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ થતાં તેઓશ્રી પર સમુદાયની સર્વ જવાબદારી આવી પડી. ત્યારથી તેઓશ્રીની રાજયોગ જાણવાની ઇચ્છા દબાઈ ગઈ. પોતાના સમુદાયનું બંધારણ ઘડવા વઢવાણમાં સંમેલન યોજ્યું. પૂજ્યશ્રીની વિદ્વત્તા, વક્તૃત્વ અને યોગસિદ્ધિનો ઘણો પ્રભાવ પડવા લાગ્યો. અનેક ભવ્યાત્માઓ તેઓશ્રીના વરદ હસ્તે સંયમમાર્ગે સંચર્યા. જૈનો જ નહિ પણ પારસી, મુસલમાન, મોચી આદિ કોમના માણસો પર પણ તેઓશ્રીએ ઘણો જ પ્રભાવ પાથર્યો. પૂજ્યશ્રીની ચોપાસ વધતી પ્રભાવનાને લક્ષમાં લઈ સં. ૧૯૮૩ના કારતક વદ ૬ને શુભ દિવસે આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા. આ પ્રસંગ ભવ્યાતિભવ્ય રીતે ઊજવાયો.

સં. ૧૯૮૫માં વડાલીનું ચાતુર્માસ પૂર્ણ કરીને પૂજ્યશ્રી તારંગાજી ગયા. ત્યાં ગુફામાં ધ્યાનાવસ્થામાં હતા ત્યાં જ શરદીના ભયંકર હુમલાથી હૃદય પર અસર થઈ અને તેઓશ્રીને અમદાવાદ લાવવામાં આવ્યા. અમદાવાદ ઊજમફઈની ધર્મશાળામાં રાખવામાં આવ્યા. કેન્સર જાહેર થતાં ઉપચાર શરૂ થયા. શ્રાવણ વદ પાંચમે પૂજ્યશ્રીએ અન્નજળનો ત્યાગ કર્યો અને ૐકાર મંત્રના સતત જાપ સાથે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. વ્યાખ્યાન વખતે, વાર્તાલાપ વખતે,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાકલાપ વખતે જેમનાં નયનોમાંથી અમીધારા વહેતી, તે પ્રેમપૂર્ણ નયનો આ ક્ષણભંગુર દુનિયા છોડી સદાને માટે અદૃશ્ય બની ગયાં. પૂજ્યશ્રીના દેહાવસાને સમગ્ર સમાજમાં શોકનું વાતાવરણ રચી દીધું. પરંતુ તેઓશ્રીના અક્ષરદેહે અમરતા અને આનંદનો આશ્વાસનભાવ જગવી દીધો! એવા એ યોગીરાજ વત્સલમૂર્તિ સાધુવર્યને હૃદયપૂર્વક કોટિ કોટિ વંદના!

( સંકલન : 'જૈન'ના 'સૌરાષ્ટ્ર–કેસરી સ્મૃતિ વિશેષાંક'માંથી સાભાર )

## શાસનના મૂક સેવક, સરળસ્વભાવી વત્સલમૂર્તિ સાધુવર

# પૂ. આચાર્યશ્રી વિજયલાભસૂરીશ્વરજી મહારાજ

પ. પૂ. આચાર્યદેવ **શ્રી** વિજયકેશરસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં જે આચાર્યદેવો થયા, તેમાં આચાર્ય**શ્રી** વિજયલાભસૂરીશ્વરજી મહારાજ એક પ્રભાવશાળી સાધુવર્ય હતા. તેઓશ્રી વિશે વિશેષ વિગત પ્રાપ્ત થતી નથી. તેઓશ્રીની જન્મભૂમિ લીંબડી હતી. સુરેન્દ્રનગરવાળા સુપ્રસિદ્ધ આગેવાન શ્રી ચંદુલાલ વર્ધમાન સંસારી સંબંધે તેમના ભાણેજ થતા હતા. પૂ. આ. **શ્રી** વિજયકેશરસૂરિજી મહારાજ પછી એક વર્ષે તેમણે દીક્ષા લીધી હતી અને જીવ્યા ત્યાં સુધી તેઓશ્રીએ પૂ. આ. શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની ખૂબ નિષ્ઠાપૂર્વક સેવાસુશ્રૂષા કરી હતી. સુરત જિલ્લાના કીમ પાસેના તડકેશ્વર ગામના જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં પૂ. આ. શ્રી વિજયલાભસૂરિજી મહારાજનું મોટું પ્રદાન હતું. પૂજ્યશ્રી બહુ વિદ્યાભ્યાસી ન હતા, પરંતુ સેવાભાવના અને પરોપકારવૃત્તિ હોવાને લીધે સૌના પ્રીતિપાત્ર અને આદરણીય બન્યા હતા. વર્તમાનમાં પૂજ્યશ્રીના શિષ્ય આ. શ્રી વિજયસ્વયંપ્રભસૂરિજી મહારાજના વ્યક્તિત્વને જોતાં પૂજ્યશ્રીના વિનમ્ર, દયાળુ અને સેવાભાવી સ્વભાવની ઝાંખી થાય છે. પૂજ્યશ્રી અન્ય સમુદાયના સાધુઓની સેવામાં પણ એટલા જ મગ્ન રહેતા. હંમેશાં સતત શાસનપ્રભાવનામાં કાર્યરત રહેતા. જૈનસમાજની ઉન્નતિ માટે તત્પર રહેતા. સૌ કોઈ ધર્મપાલનના અનુરાગી રહે તેવી ખેવના રાખતા. પૂજ્યશ્રી જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં સ્નેહ, શાંતિ અને સંપનું વાતાવરણ સર્જાયું હતું. એવા એ પરમ સેવાવ્રતી સાધુવરને અંતઃકરણપૂર્વક શતશઃ વંદના!

## સંસ્કાર–સંજીવની દાતા, તપ–ધ્યાન–યોગના પ્રણેતા, અધ્યાત્મનિષ્ઠ યોગીરાજ

# પૂ. આચાર્યશ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મહારાજ

મહાપુરુષોનાં જીવન સ્વચ્છ અરીસા સમાન હોય છે. અરીસામાં જોવાથી જેવી હોય તેવી આકૃતિ દેખાય છે; તેમ મહાપુરુષોના જીવન સામે આપણું જીવન જેવું હોય તેવું સ્પષ્ટ થાય છે. આપણું આંતરવિશ્વ દયાળુ છે કે ક્રોધી; માની છે કે સરળ, નમ્ર છે કે અભિમાની; લોભી છે કે ઉદાર, સંસ્કારી છે કે અસંસ્કારી – એનો પરિચય થાય છે. અને એ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org